પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૩૭ • કુલ પાના : ૪ • તારીખ : ૦૩-૧૦-૨૦૨૨ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ડ્રાઈવરના દારુએ ૨૬ના જીવ લીધા

## કાનપુરમાં જેના પુત્રનું મુંડન હતુ, તેણે જ દારૂ પીધો હતો, ના પાડવા છતાં ટ્રેક્ટર ચલાવ્યું અને અકસ્માત થયો

કાનપુર,

કાનપુરમાં ટ્રેક્ટર-ટ્રોલી તળાવમાં પલટી જતા દુર્ઘટનામાં ૨૬ લોકોના મોત થયા છે. જ્યારે ૧૦ લોકો ઘાયલ થયા છે. મોડી રાત્રે ભીતરગાંમની સીએચસીમાં તમામ મૃતદેહોનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. આ પછી સવારે એક પછી એક ૨૬ મૃતદેહો કોરથા ગામમાં લાવવામાં આવ્યા હતા.જાણવા મળ્યું કે ટ્રેક્ટરના ડ્રાઈવરે દારૂ પીધો હતો અને તેને ના પાડવા છતાં તે ટ્રેક્ટર ચલાવી રહ્યો હતો. મુંડન પણ તેના બાળકનું જ હતું. અકસ્માતમાં તે બચી ગયો હતો અને ફરાર થઈ ગયો હતો. હૃદય હચમચાવી દેનારી ઘટના બાદ ગામમાં સર્વત્ર શોકનો માહોલ છે. દરેક ઘરના દરવાજે મહિલાઓ રડી રહી છે, પુરુષો પણ તેમના આંસુ રોકી શકતા નથી. મૃતદેહોના અંતિમ સંસ્કાર માટે



નનામીની તૈયારી કરી તમામ મૃતદેહોના એક સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતાં ગામના રાજુ નિષાદના પુત્રની મુંડન વિધિ હતી. તમામ લોકો ટ્રેક્ટર-ટ્રોલી દ્વારા ઉન્નાવના ચંદ્રિકા દેવી મંદિરમાં મુંડન કરાવવા ગયા હતા. દર્શન કર્યા પછી બધા પાછા ફરી રહ્યા હતા ત્યારે દુર્ઘટના સર્જાઈ હતી. મૃતકોમાં ૧૩ બાળકો અને ૧૩ મહિલાઓનો સમાવેશ થાય છે. પોલીસે ગ્રામજનોની મદદથી તમામને બહાર કાઢ્યા હતા. મોટાભાગના લોકો પાણીની અંદર જ મૃત્યુ પામ્યા હતા.

ગામના લોકોએ જણાવ્યું કે, ચા-નાસ્તાના બહાને રાજુએ ટ્રેક્ટર-ટ્રોલી રોકી હતી. ત્યાં તેણે દારૂ પીધો. જો આમ ન કર્યું હોત તો કદાચ આ દુર્ઘટના સર્જાઈ ન હોત. ઘાયલ રામશંકરે જણાવ્યું કે ટ્રેક્ટર-ટ્રોલી રસ્તા પર ધીમે ધીમે આગળ વધી રહી હતી. સામેથી બીજું વાહન આવી રહ્યું હતું. લાઈટને કારણે ડ્રાઈવરને ખાડો દેખાયો ન હતો. જ્યારે ડ્રાઈવરે ખાડો જોયો તો તેણે બચાવવાનો પ્રયાસ કર્યો. જેમાં ટ્રેક્ટર-ટ્રોલી બેકાબૂ બની હતી અને પલટી ગઈ હતી. અમે ટ્રોલીમાં સવાર હતા. ટ્રોલી પલટી જાય તે પહેલા અમે તેમાંથી કૂદી પડ્યા, જેના કારણે મારો હાથમાં ઈજા થઈ હતી.

એડીજી ભાનુ ભાસ્કરે બેદરકારીના કારણે સાદ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ આનંદ પાંડે સહિત ૪ પીઆરવી જવાનોને સસ્પેન્ડ કરી દીધા છે. સ્થાનિક લોકોએ માહિતી આપ્યા બાદ યોગ્ય સમયે ન પહોંચવા બદલ પોલીસ કર્મચારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સવારે મૃતકોના સ્વજનોને મળવા અને પરિસ્થિતિનો તાગ મેળવવા કાનપુર જઈ શકે છે.એક પછી એક મૃતદેહો ગામમાં લાવવામાં આવ્યા. ગામ આજુબાજુથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

એડીસી કાનપુર ભાનુ ભાસ્કરે જણાવ્યું કે આ અકસ્માતમાં ૨૬ લોકોના મોત થયા છે. અકસ્માતનું કારણ શું હતું? તે જાણવા માટે મેજિસ્ટ્રેટ તપાસના આદેશ આપવામાં આવ્યા છે. દુર્ઘટના પાછળનું મુખ્ય કારણ શું હતું તે તપાસ બાદ જ સ્પષ્ટ થશે. આ આધારે ગુનેગારો સામે કાર્યવાહી કરવામાં આવશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુથી લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે. મૃતકોના પરિવારજનોને સ્વરૂઈલ્હમાંથી રુપિયા ૨ લાખ અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરવામાં આવી હતી. કાનપુર દુર્ઘટના બાદ સીએમ યોગીએ રાજ્યના લોકોને અપીલ કરી છે કે ટ્રેક્ટર ટ્રોલીનો ઉપયોગ ખેતીના કામ અને માલસામાનના વહન માટે કરવામાં આવે. ટ્રેક્ટર ટ્રોલીનો ઉપયોગ મુસાફરી માટે ન કરવો જોઈએ. કાનપુરમાં થયેલી દુર્ઘટના બાદ સીએમ યોગીએ તેના પર દુખ વ્યક્ત કર્યુ અને યુદ્ધના ધોરણે રાહત અને બચાવ કામગીરી હાથ ધરવા નિર્દેશ આપ્યો હતો.

મુખ્યમંત્રીએ કેબિનેટ મંત્રીઓ રાકેશ સચાન અને અજિત પાલે સ્થળ પર મુલાકાત લીધી હતી અને રાહત કાર્યની સમીક્ષા કરી હતી. જ્યારે રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને બી.એસ.પી સુપ્રીમો માયાવતીએ પણ આ દુર્ઘટના પર ગહન શોક વ્યકત કર્યો છે. દુર્ઘટના બાદ એમ્બ્યુલન્સને સ્થળ પર મોકલવામાં આવી હતી. જોકે સ્થાનિક લોકોએ વહીવટીતંત્ર પર બેદરકારીનો આરોપ લગાવ્યો છે. તેમનું કહેવું છે કે અધિકારીઓ બેદરકારીના કારણે એમ્બ્યુલન્સ મોડી પહોંચી હતી. જો એમ્બ્યુલન્સ સમયસર પહોંચી હોત તો વધુ જીવ બચાવી શકાયા હોત.કાનપુર ઝોનના અધિક પોલીસ મહાનિર્દેશક ભાનુ ભાસ્કરે રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા.

મૃતકોના નામ.. શિવમ પુત્ર કલ્લુ (૪) જાનકી પુત્રી કલ્લુ (૫) મિથિલેશ પત્ની સફીક (૫૦) કેશકાલી પતિ દેશરાજ (૪૦) પલક પુત્રી રામ આધાર (૪) અંજલિ પુત્રી રામજીવન (૧૩) કિરણ પુત્રી શિવનાયક (૧૫) ખુશી દીકરી પુંતીલાલ મનીષાની પુત્રી રામદુલારે (૧૭) અનિતા દેવીના પતિ બિરેન્દર સિંહ (૩૫) રમજાનની પત્ની ચિદ્દુ (૬૦) કલાવતી પત્ની રામદુલારે (૫૦) વિનીતા પત્ની કલ્લુ (૩૬) તારા દેવી પત્ની કેવત (૫૦) રવિ પુત્ર શિવરામ (૧૦) છોટુ પુત્ર રામ દુલારે (૧૨) ગીતા સિંહ પતિ શંકર સિંહ (૫૦) માયાવતી પત્ની રામ બાબુ (૫૦) ઉષા પત્ની બ્રિજલાલ સિંહ (૪૫) શિવાની પુત્રી રામ ખેલવાન (૧૨) રાની પત્ની રામ શંકર (૫૦) સુનીતા પુત્રી રામપત નિષાદ (૧૫) પાર્વતી પત્ની સિયારામ (૬૫) બિંદિયા પુત્રી રાજુ (૩) પ્રીતિ પુત્રી રાજારામ (૧૮) સોનિકા પુત્રી રાજારામ (૧૮).

## રાજકોટમાં નવરાત્રિ મહોત્સવમાં કેજરીવાલના આગમન પર ટીખળખોરે પાણીની બોટલ ફેંકી

રાજકોટ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડઘમ ભાગી ચૂક્યા છે ત્યારે દિલ્હીના મુખ્યમંત્રી અને આપ સુપ્રીમો અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવાન રાજકોટની મુલાકાતે આવ્યા હતા ત્યાં તેમણે નીલસિટી ક્લબ ખાતે ટૂંકું રોકાણ કર્યા બાદ ખોડલધામ નવરાત્રી મહોત્સવમાં હાજરી આપી હતી. જ્યાં કેજરીવાલના આગમન વખતે ટીખળખોરે પાણીની બોટલ ફેંકી હતી પરંતુ તે કેજરીવાલની ઉપરથી પસાર થઈ ગઈ હતી.જયારે નીલ સીટી ક્લબ ખાતે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને હાજરી આપી હતી અને તેમણે ખેલૈયાઓને ઉત્સાહિત કરવા માટે પંજાબી સ્ટાઈલમાં રાસ લીધા હતા. આમ આદમી પાર્ટીના સુપ્રિમો અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તથા પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સહિતના સિનિયર આગેવાનો બે દિવસ



ગુજરાતની મુલાકાતે આવ્યા છે. જ્યાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ખોડલધામ નવરાત્રી મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા અને મા અંબાની આરતી કરી પાટીદારો સાથે ટૂંકી બેઠક યોજી હતી. નોંધનીય છે કે તેઓ આજે યુવી ક્લબ દ્વારા યોજનાર નવરાત્રી મહોત્સવમાં પણ ઉપસ્થિત રહેવાના હતા જોકે છેલ્લી ઘડીએ આ પ્રોગ્રામ કેન્સલ કરવામાં આવ્યો હતો અને તેઓ ખોડલધામ નવરાત્રી મહોત્સવ માંથી જ રવાના થયા હતા.જેમાં ખોડલધામ નવરાત્રિ મહોત્સવમાં અરવિંદ કેજરીવાલે મીડિયાને જણાવ્યું હતું કે, આજે તેઓ રાજકોટમાં નવરાત્રીના પર્વની ઉજવણી કરવામાં સહભાગી થયા છે અને તેઓ આજે પાટીદારો સાથે કોઈપણ પ્રકારની ચર્ચા કરવા આવ્યા નથી પરંતુ નવરાત્રિને માણવા આવ્યા છે એવું તેમણે જણાવ્યું હતું અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આમ આદમી પાર્ટીની સરકાર બની રહી છે,ભાજપને જે નિવેદનબાજી કરવી હોય તે કરી શકે છે.અમે લોકોના મુદ્દા ઉઠાવીશું,લોકોની જરૂરિયાત પુરી કરીશું. નોંધનીય છે કે આજે કેજરીવાલે શહેરના અર્વાચીન રાસોત્સવમાં પણ હાજરી આપી હતી. જેમાં લેઉવા પાટીદાર સમાજ આયોજિત ખોડલધામ રાસોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા. જયારે છેલ્લી ઘડીએ કડવા પાટીદાર સમાજ આયોજિત ક્લબ ૅફ રાસોત્સવમાં જવાનો પ્લાન તેમણે કેન્સલ કર્યો હતો. જયારે બીજી તરફ પંજાબના CM ભગવંત માને નીલસીટી ક્લબ ખાતે હાજરી આપીને સ્ટેજ પર અનોખી સ્ટાઈલમાં ડાંડિયા રાસ રમીને ઉપસ્થિત સર્વેને હસાવ્યા હતા અને તેમના પંજાબી સ્ટાઈલના દાંડિયાના સ્ટેપથી ખુદ આપ નેતા ઈન્દ્રનીલ રાજ્યગુરુ પણ ખડખડાટ હસી પડ્યા હતા.

## રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન મોદીએ રાજઘાટ ખાતે મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી

નવીદિલ્હી,

રાષ્ટ્રપિતા તરીકે ઓળખાતા મહાત્મા ગાંધી એટલે કે મોહનદાસ કરમચંદ ગાંધીની જન્મ જયંતિ નિમિતે તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે દેશના વડાપ્રધાન નરેદ્ર મોદી રાજઘાટ પહોંચ્યા હતા અને મહાત્મા ગાંધીને યાદ કરતા પૂષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પહેલા કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી, વરિષ્ઠ નેતા મલ્લિકાર્જૂન ખડકે પણ રાજઘાટ પર પહોંચ્યા હતા અને બાપુને શ્રદ્ધાંજલિ આપી હતી. આ સાથે ભારતના રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ પણ રાજઘાટ પહોંચીને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

મહાત્મા ગાંધીના વિચારોએ સમગ્ર દુનિયાને પ્રભાવિત કરી મહાત્મા ગાંધીના વિચારોએ સમગ્ર દુનિયાને પ્રભાવિત કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહાત્મા ગાંધીને યાદ કરતું એક ટ્વીટર પર વીડિયો શેર કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને લખ્યું કે,આ



વર્ષે ગાંધી જયંતિ વધુ ખાસ છે. કારણ કે, આપણે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ. આપણે હંમેશા બાપુના સિદ્ધાંતો પરચાલતા રહેવું જોઈએ. આ સાથે હું દેશના લોકોને અપીલ કરું છું કે, તેઓ ખાદી ઉત્પાદનોનો મહતમ ઉપયોગ કરી ખાદીને પ્રોત્સાહન આપે.

આ સાથે વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીના વિચારોએ સમગ્ર દુનિયાને પ્રભાવિત કરી છે. મહાત્મા ગાંધીએ અનેક વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતુ કે, ડૉ. માર્ટિન લ્યુથર કિંગ જુનિયર હોય કે નેલ્સન મંડેલા, દરેક વ્યક્તિએ પોતાનાજીવનમાં ગાંધીજીના વિચારો ઉતાર્યા છે. આ લોકોએ પોતાના લોકોને સમાનતાનો અધિકાર અપાવવા માટે એક લાંબી લડાઈ લડી છે.આદરણીય ગાંધી બાપુએ ખેડૂતો, ગામડાઓ, કામદારોના હક્કોનું રક્ષણ, સ્વચ્છતા, શિક્ષણમાં ફેલાવો જેવા અનેક વિષયો પર પોતાના વિચારોદેશવાસીઓ સમક્ષ રજૂ કર્યા છે, જેને આપણે ગાંધી ચાર્ટર તરીકે ઓળખીએ છીએ. હું જે ખરીદી રહ્યો છું, તેનાથી મારા દેશના નાગરિકને ફાયદો થશે કે કેમ?

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે જ્યારે પણ આપણે કેટલીક ખરીદી કરીએત્યારે વિચાર કરો કે હું જે ખરીદી રહ્યો છું, તેનાથી મારા દેશના કોઈપણ નાગરિકને ફાયદો થશે કે કેમ. ગરીબમાં ગરીબને ફાયદો થાય તોમારી ખુશી વધુમાં વધુ હશે. સફાઇ કરશો તો તમને આઝાદી મળશે સફાઇ કરશો તો તમને આઝાદી મળશે આ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે ગાંધીજીએ કહ્યું હતું કે, સફાઈ કરશો તો તમને આઝાદી મળશે, પરંતુતેનાથી ભારતને પણ આઝાદી મળી ગઇ.

### ઈન્ડિગો ફ્લાઈટને બોમ્બથી ઉડવાની ધમકી

## મુંબઈ એરપોર્ટ પર ઈમેલ મળ્યા બાદ સુરક્ષા એજન્સીઓ એલર્ટ, તપાસ કરતા કાંઈ ન મળ્યું

મુંબઈ,

મુંબઈ એરપોર્ટને શનિવારે રાત્રે એક ધમકીભર્યો ઈમેલ મળ્યો હતો, જેમાં એવું કહેવામાં આવ્યું હતું કે ઈન્ડિગો ફ્લાઈટમાં બોમ્બ મૂકવામાં આવ્યા છે. આ ઈમેલ આવતાની સાથે જ એરપોર્ટ પર સુરક્ષા અધિકારીઓમાં ખળભળાટ મચી ગયો હતો. જો કે, જ્યારે ફ્લાઈટની તપાસ કરવામાં આવી ત્યારે આ પ્રકારનું કંઈ મળ્યું ન હતું. આવી સ્થિતિમાં એ સ્પષ્ટ થઈ ગયું કે બોમ્બ હોવાનો દાવો માત્ર અફવા છે. ઈમેલમાં લખવામાં આવ્યું હતું કે ઈન્ડિગો ફ્લાઈટ નંબર ૬ઈ ૬૦૪૫માં બોમ્બ મુકવામાં આવ્યો છે. આ ફ્લાઈટ રાત્રે મુંબઈથી અમદાવાદ જવાની હતી. બોમ્બની અફવાને કારણે તપાસ બાદ ઈન્ડિગોની ફ્લાઈટ રાત્રે મોડી પડી હતી. સુરક્ષા એજન્સીઓ હવે તપાસ કરી રહી છે કે આ ઈમેલ કોણે મોકલ્યો હતો અને તેનો હેતુ શું હતો. ઉલ્લેખનીય છે કે, શુક્રવારે ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર બોમ્બ હોવાની ખોટી અફવાને કારણે દિલ્હીથી મલેશિયા જતી ફ્લાઈટ મોડી પડી હતી. અધિકારીઓએ જણાવ્યું કે સુરક્ષા એજન્સીઓને બપોરના ૧ વાગ્યે મલેશિયા એરલાઈન્સની ફ્લાઈટ MH173માંથી બોમ્બની ધમકી અંગે ચેતવણી આપવામાં આવી હતી, જેના પગલે તેઓએ સમગ્ર વિમાનની સંપૂર્ણ તપાસ કરી હતી.પ્લેન ૨ કલાક ૪૦ મિનિટના વિલંબ પછી કુઆલાલમ્પુર માટે ટેકઓફ થયું હતું અને આ ઘટનામાં સામેલ ચાર મુસાફરોને સ્થાનિક પોલીસને સોંપવામાં આવ્યા હતા. પ્લેનની ઓવરહેડ કેબિનમાં બેગ રાખવાને લઈને બે મુસાફરો વચ્ચે ઝઘડો થયો હતો. એક મુસાફરે બીજાને પૂછ્યું કે તેની બેગમાં શું છે અને બીજાએ જવાબ આપ્યો 'બોમ્બ'. પાયલોટને તેની જાણ થતાં જ ફ્લાઈટને રદ કરવામાં આવી હતી. ત્યારપછી પાયલટે એટીસી (એર ટ્રાફિક કંટ્રોલર)ને ઘટના અંગે જાણ કરી.

## બદ્રીનાથ મંદિર ખતરામાં? સિંહદ્વારા નજીક દિવાલોમાં તિરાડો

બદ્રીનાથ,

બદ્રીનાથ મંદિરના સિંહદ્વારા પાસેની દિવાલોમાં તિરાડો પડી ગઈ છે. જો કે, આ તિરાડોથી મંદિરને કોઈ ખતરો નથી. સ્થળ પર પહોંચેલી આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાની ટીમે કહ્યું કે આ તિરાડોને ટૂંક સમયમાં દૂર કરવામાં આવશે. એએસઆઈના સારવાર નિષ્ણાત નીરજ મૈથાનીની આગેવાની હેઠળની ટીમે બદ્રીનાથ મંદિરના સિંહદ્વારા પાસે આવેલી તિરાડોનું નિરીક્ષણ કર્યું હતું. સારવાર નિષ્ણાતો નીરજ મૈથાની અને આશિષ સેમવાલે જણાવ્યું કે સિંહદ્વારાની નજીકની દિવાલો પર થોડી તિરાડો છે. તિરાડોની સારવાર માટે ASI વતી સર્વેની કામગીરી શનિવારે પૂર્ણ કરવામાં આવી છે. બદ્રીનાથ, કેદારનાથ મંદિર સમિતિના પ્રમુખ અજેન્દ્ર અજય અને મંદિર સમિતિના મીડિયા પ્રભારી ડૉ. હરીશ ગૌર પણ આ દરમિયાન એએસઆઈટીમ સાથે હાજર હતા.

અજેન્દ્ર અજયે જણાવ્યું કે એએસઆઈએ દિવાલો પરની તિરાડોને નાની ગણાવી છે. તેમને મંદિર માટે કોઈ ખતરો નથી. બદ્રીનાથ મંદિરના ધર્માધિકારી ભુવન ચંદ્ર ઉન્યાલે જણાવ્યું કે સિંહદ્વાર પાસે ભોગમંડીની બાજુની દિવાલો પર આ નાની તિરાડો વર્ષોથી છે.

## સિદ્ધૂ મૂસેવાલા મર્ડર કેસમાં સામેલ ગેંગસ્ટર ટીનૂ માનસા પોલીસ કસ્ટડીમાંથી ફરાર

ચંદીગઢ,

સિદ્ધૂ મૂસેવાલા મર્ડર કેસમાં પ્રોડક્શન વોરન્ટ પર પંજાબ લાવવામાં આવેલો ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો ખાસ વ્યક્તિ દિપક કુમાર ઉર્ફે ટીનૂ પોલીસ કસ્ટડીમાંથી ભાગી ગયો છે. એવું કહેવાઈ રહ્યુ છે કે, કપૂરથલા જેલમાંથી પૂછપરછ માટે પોલીસ માનસા લઈને આવતી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે, મોડી રાતે તેણે પોલીસ સામે દાવો કર્યો હતો કે, તે એવી જગ્યાએ રેડ પડાવી શકે છે કે ત્યાંથી હથિયાર મળી શકે. સૂત્રોનું કહેવું છે કે, પોલીસ તેને હાથકડી પહેરાવ્યા વગર એક અંગત કારમાં રેડ માટે લઈ જઈ રહી હતી ત્યારે તે પોલીસ કસ્ટડીમાંથી ફરાર થઈ ગયો હતો. એવું પણ કહેવાઈ રહ્યુ છે કે, દીપક ટીનૂએ મૂસેવાલા હત્યાકાંડમાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. પોલીસની પૂછપરછમાં ખુલાસો થયો હતો કે, મૂસેવાલાની હત્યાના બે દિવસ પહેલાં જ તેની લોરેન્સ બિશ્નોઈ સાથે વાતચીત થઈ હતી. દીપક ટીનૂ એ કેટેગરીનો ગેંગસ્ટર છે. તે પંજાબ, રાજસ્થાન, યુપી અને હરિયાણાની કેટલીક ગુનાહિત ઘટનાઓમાં આરોપી છે. આ ઘટના પછી હવે પોલીસ કાર્યવાહી સામે સવાલો ઊભા થઈ રહ્યા છે. આ મામલે કોઈપણ પોલીસ અધિકારી હવે કંઈ જ બોલવા તૈયાર નથી. આ વાતનો ખુલાસો પણ કોઈ કરવા તૈયાર નથી કે અંગત વાહનમાં જ રેડ પાડવા કેમ લઈ જઈ રહ્યા હતા. ત્યારે તેની સાથે કેટલા પોલીસ અધિકારીઓ હતા. જો પોલીસવાળા પાસે હથિયાર હતા તો તેને ભાગતા કેમ રોક્યો નહીં.

## પોરબંદરમાં જન્મસ્થળ પર બાપુને અપાઈ શ્રદ્ધાંજલિ અપાઈ

પોરબંદર,

વિશ્વફલક ઉપર અહિંસાનું મહત્વ સમજાવનારા અને દેશને આઝાદી અપાવવામાં મુખ્ય ભૂમિકા ભજનારા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિતે પોરબંદર એટલે ગાંધી બાપુનું જન્મસ્થળ. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની આજે ૧૫૩ઉમી જન્મ જયંતી નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કીર્તિમંદિર પહોંચ્યા હતા. ગાંધીજીના જન્મસ્થળ કીર્તિમંદીર ખાતે સર્વધર્મ પ્રાર્થનાસભાનું આયોજન કરાયુ હતું. દર વર્ષની પરંપરા મુજબ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પ્રાર્થના સભામાં ઉપસ્થિત રહ્યાં. તો કેબિનેટ મંત્રી રાઘવજી પટેલ, પોરબંદરના ધારાસભ્ય તેમજ વહીવટી તંત્રના અધિકારીઓ પણ હાજર રહ્યાં. પ્રાર્થનાસભામાં હાજરી બાદ મુખ્યમંત્રીએ સિટી બસ સેવાને લીલીઝંડી આપી. તેમજ મુખ્યમંત્રી ખારવા સમાજની મઢી ખાતે આગેવાનો સાથે પણ મુલાકાત કરશે. બીજી તરફ, અમદાવાદના ગાંધી આશ્રમ ખાતે પણ સર્વધર્મ પ્રાર્થના સભાનું આયોજન કરાયું છે. કેરળના રાજ્યપાલ આરીફ મોહંમદની હાજરીમાં તેમજ સર્વ ધર્મના અગ્રણીઓ દ્વારા પ્રભુની પ્રાર્થના કરવામાં આવી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને કહ્યું કે, ગાંધીજયંતિ પર મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પી. આ ગાંધી જયંતિ વધુ વિશેષ છે કારણ કે ભારત આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવી રહ્યું છે. બાપુના આદર્શો પર હંમેશા જીવતા રહો. હું તમને ગાંધીજીને શ્રદ્ધાંજલિ રૂપે ખાદી અને હસ્તકલા ઉત્પાદનો ખરીદવાની પણ વિનંતી કરું છું.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

રાઠવા રમેશભાઈ ચંદ્રસિંહ

તરફથી અભીનંદન....

મુ. સાગટાળા, તા. દે.બારીઆ, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ઘી રેબારી દુ.ઉ.સ.લી. રેબારી

તરફથી અભીનંદન....

મુ. રેબારી, તા. દે.બારીઆ, જી. દાહોદ

નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

ટુંકી મુદતની જાહેર નિવિદા નં."એસ.કે/૧" સને ૨૦૨૨-૨૩

ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ યોજના વિભાગ, પાનમ કોલોની, ગોધરા-૩૮૯૦૦૧ જી.પંચમહાલ, ફોન નં. (૦૨૬૭૨) ૨૪૧૮૧૨ દ્વારા ૧. ટેન્ડર ઓનલાઈન અપલોડીંગ, ડાઉનલોડીંગ, જી.એસ.ટી અને ઈન્કમ ટેક્સને લગત અને ૨. વિભાગીય કચેરી તેમજ પેટા વિભાગીય કચેરીઓની ઝેરોક્ષને લગત કામગીરી માટે સ્થાનિક ઠેકેદારો પાસેથી ઉપરોક્ત બે કામો વાર્ષિક ભાવો મંગાવવામાં આવે છે. સદર કામના કોરા ભાવપત્રકો ચાલુ કચેરી દરમ્યાન ઠેકેદારશ્રીએ પોતાના લેટરપેડ ઉપર જરૂરી ટેન્ડર ફી, અનુભવનુ પ્રમાણપત્ર, પાનકાર્ડ તેમજ જરૂરી રજીસ્ટ્રેશન રજૂ કર્યેથી તા.૧૨/૧૦/૨૦૨૨, ૧૪-૦૦ કલાક સુધી આપવામાં આવશે તથા તા.૨૦/૧૦/૨૦૨૨ ના ૧૮.૦૦ કલાક સુધી ભાવો ભરેલા ભાવપત્રક રજી.પોષ્ટ એડી./સ્પીડ પોષ્ટથી કચેરીમાં પહોંચાડવાના રહેશે. શકય હશે તો તા.૨૧/૧૦/૨૦૨૨ ના ૧૨.૦૦ કલાકે ઉપરોકત કચેરીમાં ભાવો ભરેલા ટેન્ડરો ખોલવામાં આવશે. એક અથવા બધા જ ભાવપત્રકો મંજુર કે નામંજુર કરવાની સત્તા કાર્યપાલક ઈજનેરશ્રીની રહેશે. જેના કોઈ કારણો આપવામાં આવશે નહિ. વધુ વિગતો માટે કચેરી સમય દરમ્યાન વિભાગીય કચેરીનો સંપર્ક સાધવા વિનંતી.

માહિતી/ગોધરા/૫૯૮/૨૦૨૨

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુર તાલુકા ના બટકવાડા ખાતે ૧૦ કરોડના ખર્ચે તૈયાર થનાર ૬૬ કેવી સબ સ્ટેશન માટે ભુમિ પૂજન કરાયું


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના બટકવાડા ખાતે આજરોજ દશ કરોડના ખર્ચે તૈયાર થનાર ૬૬ કેવી સબ સ્ટેશન માટે ભુમિ પૂજન વિધી હાથ ધરવામા આવી હતી. ભુમિપૂજન વિધી ગુજરાત રાજયના શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીડોર, પૂર્વ કેન્દ્રીય મંત્રી દાહોદ સાંસદ જસંવતસિહ ભાભોરના હસ્તે કરવામાં આવી હતી. કાર્યકમમાં આચાર્ય શિક્ષણ સંઘના સભ્ય જય પ્રકાશભાઈ પટેલ, મહિસાગર કલેકટર જીલ્લા પંચાયતના પ્રમુખ સહિત જેટકોના અધિકારીઓ મહાનુભાવો હાજર રહયા હતા. કાયક્રમની શરૂઆત દીપ પ્રગટાવી તકતીનું અનાવરણ કરી કરવામાં આવી હતી. કાર્યકમમાં ઉપસ્થિત જનમેદનીને રાજયના શિક્ષણ મંત્રી કુંબેરભાઈ ડીંડોરે સંબોધી જણાવ્યું હતું. ૬૬ કેવી સબ સ્ટેશોથી ૨૬ ગામના આઠ હજાર લોકોને લાભ થશે. આ વિસ્તારના ખેડુતો લોકોને સતત ચોવીસ કલાક વિજળી મળશે. સંતરામપુર વિધાનસભામાં સાત ૬૬ કેવી સ્ટેશનો ખુલ્લા મુકવામા આવ્યા છે. સંતરામપુર વિધાનસભામાં ૯૦૦ કરોડના વિકાસ કામો કર્યા છે. માનગઢ ધામના વિકાસ માટે ૩૬ કરોડ ઝુલતા પુલ માટે ૨૬ કરોડ મજુર કરાયા હોવાનું કહ્યું હતું. હાજર જનમેદનીને દાહોદના સાંસદ જસંવતસિહ ભાભોરએ સંબોધી જણાવ્યું હતું . દેશના ઈતિહાસ પહેલીવાર ૫૦૦ વર્ષ પછી પાવાગઢ ધામ પર માતાજીની ધ્વજા દેશના વડાપ્રધાને ચઢાવી છે. દેશના વડાપ્રધાને ૩૭૦ ની કલમ હટાવવાનું, જમ્મુ કાશ્મીરમાં ભારતનો રાષ્ટ્રધ્વજ ફરકાવવાનું, આદિવાસી દિકરા દિકરીઓ માટે અભ્યાસની ચિંતા, માનગઢ ધામની ચિંતા અને વિકાસનું કામ માત્રને માત્ર દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એ કર્યું છે. કોરોના કાળમા સતત બે વર્ષ સુધી ગરીબોને અનાજ વિતરણ કર્યુ છે અને ફરી પાછી પણ મફત અનાજ વિતરણની જાહેરાત કરી છે. સાંસદે ગુજરાત કેન્દ્ર સરકાર હસ્તકના વિકાસ કામો ગણાવી બીજી ઓકટોમ્બર ગાંધીજીની જન્મ જયંતિ નિમિતે ગાંધીજીની પ્રતિમાને સુતરની આટી પહેરાવી નમન વંદન કરી ઉજવણી કરી હતી.

**મલેકપુરમાં છઠ્ઠા નોરતે ગરબાની રમઝટ જામી હતી. વેશભૂષા સાથે નવરાત્રી નવ યુવક મંડળ દ્વારા નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં દૂર દૂર થી ગરબાના રસિકો ગરબે ઘૂમવા આવ્યા હતા. મલેકપુરમાં નવરાત્રીને લઈને ભક્તિમય માહોલ જોવા મળ્યો છે.**


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

# મોદીનો માસ્ટર સ્ટ્રોક ગરીબોને મફત અનાજ આપવાનો નિર્ણય સાચી દિશાનો કદમ ગણાશે ?

દે.બારીયા,
ગુજરાત રાજ્યમાં દિવાળીના પછી ચુંટણીઓનું મહાપર્વ આવતો હોય તેથી કેન્દ્રીય કેબીનેટના દ્વારા ફરી એકવાર ગરીબોને મફત અનાજ આપવાની સ્કીમ ડિસેમ્બર સુધી લંબાવી દેવામાં આવી છે. કોરોનાકાળમાં શરૂ કરાયેલ આ ગરીબો માટેની સ્કીમની મુદ્દત સાતમીવાર લંબાવાઈ છે. આ નિર્ણયને ગરીબ કુટુંબો આવકારે છે. રાજ્યના ૭૧ લાખના વધુ એન.એસ.એલ.આઈ. રેશનકાર્ડ ધારકોની ૩.૩૬ કરોડ જનસંખ્યાને અને પુરેપુરો લાભ મળે તેના માટે જીલ્લા અને તાલુકા વહિવટી તંત્ર રાજ્યના પૂરવઠા સચિવ તાકીદ કરે આ સરકારી સ્કીમનો લાભ છેવાડાના ગરીબ લાભાર્થી સુધી પહોંચે તેવા પ્રયત્નો કરવામાં આવે આ સ્કીમ થી સરકારી તિજોરી ઉપર ૪૫,૦૦૦ કરોડનો વધારાનો બોજો પડશે પણ સરકાર ગરીબોના ઉત્કર્ષ માટે આ ખર્ચ ભોગવવા તૈયાર હોય તો વહિવટી તંત્ર પણ ગરીબોને વ્હારે આવે સરકારી સ્કીમનો લાભ એકપણ ગરીબ કુટુંબ આ સ્કીમ થી વંચિત ના રહે તેવા આદેશો જારી કરે કેમ કે, અંત્યોદય અને અગ્રતા ધરાવતા ગરીબ કુટુંબોને તુવેર દાળ અને વધારાની ખાંડ સરકારી વિતરણ વ્યવસ્થાની જાહેરાત પ્રમાણે દુકાનદારો આપતા નથી. તેના માટે કોણ જવાબદાર છે. તે યક્ષ પ્રશ્ન છે. તુવેર દાળ આવતા આવતા આખરી તારીખ વિતાવી નાખવામાં આવે છે અને આખરી તારીખોમાં જથ્થો લાવીને સગેવગે કરી દેવાતો હોય છે. તેના માટે સરકારના પદના અધિકારીઓ ખાસ નોંધ લઈને દરેકે દરેક ગરીબ કુટુંબોને મળવાપાત્ર અનાજનો જથ્થો મળી રહે તેવી શું યોજીત વ્યવસ્થા ગોઠવવામાં આવે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના વિના મુલ્યોનું જે વિતરણ પંદર તારીખે થાય છે. તેથી દુકાનદારો મુલ્યવાળો જથ્થો પણ વિના મુલ્યેના જથ્થા સાથે ભેગો જથ્થો વિતરણ કરતા હોય છે. પહેલા મુલ્યવાળો જથ્થો વિતરણ કરવાનો હોય છે. તે જથ્થો વિતરણ કરતા નથી. વિના મુલ્યનો જથ્થો આપ્યા બાદ છેલ્લી તારીખોમાં બન્ને ભેગો જથ્થો વિતરણ કરાતો હોય છે. જેમાં ખાંડ, દાળ કે ચણા લાભાર્થીઓને આપવામાં આવતો નથી. આના ઉપર કોણ ધ્યાન આપશે. સ્થાનિક વહિવટી તંત્ર તો આંખ આડા કાન કરતો હોય છે. ગરીબોનો કોળીયો વચેટીયા ખાઈ જાય છે. તે કોણ બચાવશે તે આવનારો સમય બતાવશે.

# આઠમના દિવસને મહાઅષ્ટમી કહેવાય છે આ દિવસે દુર્ગા પૂજાનો મુખ્ય દિવસ માનવામાં આવે છે

## પહેલા અને છેલ્લા દિવસે વ્રત કરનાર આ દિવસે પણ કન્યા પૂજન કરે છે.



નવરાત્રિ પર સપ્તમી, અષ્ટમી કે નવમીનું વિશેષ મહત્વ છે. નવરાત્રિના છઠ્ઠા દિવસે દેવી પૃથ્વી પર આવે છે, તેથી તેમની પૂજા સાથે હવન પણ કરવામાં આવે છે. હવન કરતી વખતે, તમામ દેવી -દેવતાઓના નામ સાથે, કુલ દેવતા અથવા દેવતાનું નામ પણ લેવું જોઈએ. વળી, હવન માટે જરૂરી વસ્તુઓની યાદી પણ અગાઉથી તૈયાર કરવી જોઈએ, જેથી હવનમાં કોઈ કમી ન રહે. જો તમે પણ નવરાત્રિ પર જાતે હવન કરવા માંગતા હો, તો ચાલો તમને હવન સંબંધિત દરેક માહિતી આપીએ.

વેદો અનુસાર, પાંચ પ્રકારના યજ્ઞો છે-બ્રહ્મ યજ્ઞ, દેવ યજ્ઞ, પિતૃ યજ્ઞ, વૈશ્વદેવ યજ્ઞ અને અતિથિ યજ્ઞ આમાંથી દેવ યજ્ઞ અગ્નિહોત્ર કર્મ છે. આને હવન કહેવામાં આવે છે. આ અગ્નિહોત્ર કર્મ ઘણી રીતે કરવામાં આવે છે. નવરાત્રિમાં દેવી માટે હવન કરવામાં આવે છે.

હવન કુંડઃ જો તમારી પાસે હવન કુંડ હોય તો તે સારું છે, અન્યથા તમે ૮ ઈંટો જમા કરીને હવન કુંડ બનાવી શકો છો. આ પછી, આ પૂલને ગોબર અથવા માટીથી કોટ કરો.

પૂલ હંમેશા ચોરસ હોવો જોઈએ. તેની લંબાઈ, પહોળાઈ અને ઉંડાઈ સમાન હોવી જોઈએ. હવે તેની આસપાસ મોલી બાંધીને સ્વસ્તિક બનાવો. હવન કુંડમાં કેરીના લાકડાથી અગ્નિ પ્રગટાવો અને પછી તેને નારિયેળ, મધ, ઘી વગેરે વસ્તુઓ અર્પણ કરો.

પૂર્ણ આહુતિ માટે, નાળિયેરમાં એક છિદ્ર સાથે ઘી ભરીને, તેને મોલીથી લપેટીને, પાન, સોપારી, લવિંગ, જાયફળ, બતાશા અને અન્ય પ્રસાદ ધરાવો, સંપૂર્ણ આહુતિ મંત્ર બોલો - ૐ પૂર્ણમદ:પૂર્ણામિદમ પૂર્ણત પુણ્ય મુદચ્યતે, પુણ્ય પૂર્ણમદયા પૂર્ણમેલ વિસ્યતે સ્વાહા. 'પૂર્ણ આહુતિ પછી, દેવીની સામે દક્ષિણા મૂકો અને પરિવાર સાથે આરતી કરીને હવન પૂર્ણ કરો અને તે જ સમયે દેવી પાસેથી ક્ષમા - પ્રાર્થના કરો.

# દે.બારીયાના વાડોદર ગામે ગરબા મહોત્સવમાં ખેલૈયાઓએ ગરબાનો રંગ જમાવ્યો



દે.બારીયા,
રાધેશ્યામ યુવક મંડળ વાડોદર તાલુકો દેવગઢ બારીયા જીલ્લો દાહોદ દ્વારા આયોજિત નવરાત્રી ગરબા મહોત્સવમાં દરરોજ ગામના અલગ અલગ ફળિયા માંથી માઈ ભક્તોદ્વારા માઁ ની આરતી ઉતરે છે. ભક્તો અલગ અલગ પ્રસાદ લાવે છે. આ ગરબામાં ખાબડા, નવાગામ, મોજરી, વાડી માતરીયા, બોડીદ્રા, ગુણા, ભથવાડા તથા સાલીયા જેવા ગામોના ખેલૈયાઓ ગરબા રમવા આવે છે. માતાજીના ગરબાની મોડે બે વાગ્યા સુધી રમઝટ જામે છે. ગામના યુવા સરપંચ મહેશભાઈ બાબુભાઈ, તથા રાધેશ્યામ યુવક મંડળના કાર્યકર્તા અશ્વિનભાઈ (પ્રા.શિક્ષક), રૂપેશભાઈ, ગણપતભાઈ, કમળભાઈ, દયારામભાઈ, તખતભાઈ, ભોપતભાઈ તથા સમગ્ર મંડળના સ્વયંસેવકો સારૂં એવું આયોજન કરે છે. ગરબાના મ્યુઝિક માટે બે ડી.જે. સિસ્ટમ, પીવાના પાણીની વ્યવસ્થા, નાસ્તાની વ્યવસ્થા તથા પોલીસ સ્ટેશન માંથી હોમગાર્ડ ભાઈઓ વ્યવસ્થા જળવાઈ રહે તે માટે આવે છે. રાત્રે રહા તથા વાહન પાર્કિંગની વ્યવસ્થા રાખેલ છે. ગામના સહુ ભાઈ ભક્તો દરરોજ સવાર-સાંજ આરતી કરવા તથા ગરબા રમવા ખૂબ મોટી સંખ્યામાં હાજર રહે છે. આ ગરબાનું આયોજન ગામની વચ્ચે આવેલા રાધેશ્યામ કોમ્પ્લેક્સ પર રાખવામાં આવેલું છે. આ ગરબા મહોત્સવનું આયોજન સોશિયલ મીડિયા દ્વારા એક whatsapp ગૃપ જેનું નામ જય માતાજી થી સંચાલન થાય છે.

રાધેશ્યામ યુવક મંડળ દર વર્ષે ભાદરવી પૂનમના માતાજીના દર્શનાર્થે અંબાજી પગપાળા સંઘમાં જાય છે. આ વર્ષે ૪૦૦ જેટલા પદયાત્રીઓએ પદયાત્રા કરીને માઁ અંબાના દર્શન કર્યા હતા.

# ગોધરા સર્વે નં.૩૦૧/૧/૧૭ વાળી જમીન સીટી સર્વેમાં પાનીયું ચાલતું હોવા છતાં રેવન્યુમાં પાનીયું ચડાવી ગેરરીતીને દુરસ્ત કરાશે ખરી ?

ગોધરા,
પંચમહાલ જીલ્લા ગોધરા કસ્બાના રે.સ.નં.૩૦૧/૧/૧૭ વાળી જમીન સીટી તબદલી થઈ ગયેલ હોવા છતાં તથા અરજદાર તરફે આધાર પુરાવા આપેલ હોવા છતાં ગોધરા શહેર ગણત કેસ નં.૧/૨૦૨૦માં હાલના શહેર મામલતદાર કૃષિપંચ ગોધરા એમ.એમ.ભાભોર અને હાલના મહેસુલ મામલતદાર અરવિંદ રાજપુત સામે ખોટા બોગસ કાયદા વિરૂદ્ધ તથા રેવન્યુ રેકર્ડ તથા વહીવટી રૂલ્શ વિરૂદ્ધ બનાવેલ બાબતે ગોધરા જાગૃત નાગરિક દ્વારા ગુજરાત સરકાર તરફ બિડાણ સહિત પુરાવાના આધારે ગુજરાત સરકાર મહેસુલ મંત્રી સમક્ષ તા.૧૬/૬/૨૦૨૨ના રોજ અરજી વિષય યુકત બાબતે ખાતાકીય તપાસ તથા સ્પેન્સ કરવા બાબતની રેવન્યુ રૂલ્શ તથા વહીવટીનાટે યોગ્ય કાર્યવાહી કરવા ન્યાય ગુજરાત સરકાર મહેસુલ વિભા મંત્રી પાસે માંગેલ તે બાબતે ગુજરાત સરકાર મંત્રી પ્રશ્ન ક્રમાંક : પીએસ/મઆકાવૈ/૨૮/૩૫૨૦/૨૦૨૨ તા.૧૫/૭/૨૦૨૨ના રોજ મુખ્ય મહેસુલ તપાસણી કમિશ્નર (વિજીલન્સ) તરફ મોકલી આપેલ છે. જે મંત્રી પ્રશ્ન આજ્ઞાનુસાર વિનંતી છે. જે હાલ ચી.ટુ.કલેકટર પાસે પેન્ડીંગ છે. વધુ જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા આ બાબતે તા.૫/૬/૨૦૨૨ના રોજ અરજી આપેલ છે. જે બાબતે નાયબ મામલતદાર મહેસુલ શહેર ગોધરા અરવિંદ રાજપુત સામે કલેકટર મેન્યુઅલ મુજબની ખાતાની ખાતાકીય કાર્યવાહી જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરાના વહીવટીનાટે થાય છે. જેથી જાગૃત નાગરિક દ્વારા અરજી આપેલ છે. આમ, આ સર્વે નં.૩૦૧/૧/૧૭વાળી જમીનમાં જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા વિગતો તથા આધારા પુરાવા ધ્યાને લેતા સદર રજુઆતો આપ દ્વારા નિગાહે લેવા આવેલ નહી હોવાનું જણાયેલ છે. સદર નોંધમાં નોંધ મંજુર કરવા અંગેના શરામાં સર્કલ ઓફિસરની સહી જણાતી નથી. ત્યાં સવાલવાળી મિલ્કત સને ૧૯૭૨ થી સર્ટી હસ્તક ચાલતી હોવા છતાં દફતરે પણ ૭/૧૨ ચાલુ હોવાનું જણાય છે. જે રેર્કડી ચકાસણી કરેલ હોવાનું જણાતું નથી. તેમજ વધુ શહેર મામલતદારનું ધ્યાન દોરતા સદર જમીન સીટી સર્વે કચેરી ખાતે દાખલ થયેલ નોંધ નં.૩૫૯ તા.૩૦/૫/૧૯૭૨ના આધારે ડાૅ.રમેશચંદ્ર નાનાલાલ મહેતાનું દવાખાનું આંખોનું આવેલ હોવા છતાં કોઈ પણ જાતની તપાસ કર્યા વગર બોગસ ખેડુતો શહેર મામલતદાર કૃષિપંચ ગોધરા એમ.એમ.ભાભોર તથા નાયબ કલેકટર શહેર મામલતદાર અરવિંદ રાજપુત દ્વારા બોગસ મોટામાં મોટી લાંચ રૂશ્વત લઈ ખેડુતો બનાવેલ છે. જેથી જીલ્લા કલેકટર અને લીગલી વિભાગ સરકારી વકીલનું ધ્યાન દોરી સરકારી રાહે અપીલ કરાવશે કે કેમ આ સર્વે નં.૩૦૧/૧/૭ વાળી સદર હુકમ નં.સીટી એસ/વશી/૨૭૫૬ તા.૨૬/૭/૧૯૭૬ થી (ખેતી સિવાય)ની નોંધ દાખલ થયેલ છે. તેમ છતાં કોઈ પણ રેકર્ડ ઓફ રાઈટ કે વહીવટીનાટે તથા કાયદાને ધ્યાને લીધેલ નથી. જે બાબતે જાગૃત નાગરિક દ્વારા તમામ પુરાવા બિડાણ સહિત ગુજરાત સરકાર ગાંધીનગર તરફ કરેલ છે અને જેથી આવા કર્મચારીઓ, અધિકારીઓથી સરકાર બદનામ થાય છે. જે બાબતે આવા કર્મચારીઓ, અધિકારીઓની તપાસ એકબીજા કરતા નથી અને લાંબા પ્રમાણમાં નિવૃત થતા સુધી કાર્યવાહી કરી મુખ્ય અધિકારીનું ધ્યાન નહી દોરી ખાતાકીય તપાસની ફાઈલો દબાવી મુકેલ છે. આથી પુરાવા સહિતની ગેરરીતિઓ ભ્રષ્ટાચાર કરેલ નાગરિકો દ્વારા ગુજરાત સરકાર તરફ થાય છે. પરંતુ જો કાયદા તથા ગુજરાત રાજ્ય સરકારના પરિપત્રો કરાવો બંધારણી ગેઝેટો ધ્યાને લેવામાં આવે તો ૧૯૭૨ શિસ્તભંગ પગલા વધુ યોગ્ય કાર્યવાહી થાય તો મુળ ભ્રષ્ટાચાર ઉપર અંકુશ આવે તેમ છે. જેથી મંત્રી પ્રશ્ન હોય તો જાગૃત નાગરિકની સાચી અને ગળેવળગે તેવી રેકર્ડ ઓફ રાઈટ નોંધો તથા કાયદાનું અનાદર નજરે દેખાતું હોય યોગ્ય કાર્યવાહી બોગસ ખેડુતો બનાવેલ ખાતાકીય તપાસ થાય તેવી ગુજરાત સરકારને પુરાવા સહીત નાગરિક દ્વારા રજુઆતો કરેલ છે.

# મહિસાગર આગામી ચુંટણીની તૈયારીની નોંધ ગુજરાતના મુખ્ય ચુંટણી અધિકારીએ પણ લીધી


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહિસાગર,
મતદાનનો અવસર આવી રહ્યો છે, નવલા નોરતાની મજા માણ્યા પછી ટુંક જ સમયમાં આપણે આપણા ભાવિ વિશે વિચાર કરી મતદાન આપવા તૈયાર રહેવાનું છે. મતદાન એ માત્ર ફરજ નહી પરંતુ આપણું કર્તવ્ય છે. આપણે આપણા દિકરાને સ્કુલ કે કોલેજમાં ભણવા બેસાડતા પહેલા સગા-સંબધીઓ અને કેટ કેટલાયે લોકોને જે તે સ્કુલ કે કોલેજ વિશે પુછી તેમની સંપૂર્ણ જાણકારી મેળવી બાળક યોગ્ય સ્કુલમાં જ ભણે તે સુનિશ્ચિત કરીએ છીએ તો આતો તમારૂ અને તમારા બાળકનું જ નહી પરંતુ સમગ્ર દેશનું ભવિષ્ય સારા હાથોમાં જાય તે સુનિશ્ચિત કરવાનો અવસર છે આમાં તમારે તમારી ફરજ નિભાવવી જ રહી.

મહિસાગર પણ પોતાના સારા ભાવિ માટે પુરજોશમાં તૈયારીઓ કરી રહ્યું છે, એવામાં હાલમાં જ મહીસાગર જિલ્લાના ચુંટણી અધિકારી દ્વારા લોકોમાં મતદાન અંગે જાગૃતિ કેળવાય તે હેતુસર જિલ્લા સ્વિપ (વ્યવસ્થિત મતદાન શિક્ષા અને મતદાન ભાગીદારી) મેસ્કોટ તરીકે ડાહ્યોની પસંદગી કરાયેલ છે. જેને નવરાત્રીમાં લોકો સમક્ષ રજુ કરાતા લોકોમાં આ કુતુહલનો વિષય બન્યો હતો અને બાળકો તો જાણે અઢાર વર્ષ પહેલા જ વોટ કરવા માટે તૈયાર હોય તેમ તેની સાથે રમતા જોવા મળ્યા હતા. આ મેસ્કોટમાં મતવાળો મહિસાગર બનશે મતવાળો મહિસાગર લખેલ જોવા મળે છે. આ ઉપરાંત મહિસાગર દ્વારા તૈયાર કરાયેલ ઈવીએમ ડેમો વ્હિકલની નોંધ મુખ્ય ચુંટણી અધિકારીએ લેતા તેમને સીઈઓના ટિવટર હેન્ડલ પરથી ટવીટર કરવામાં આવ્યું હતું.

# દાહોદ નગરાળા શૈક્ષણિક સંકુલમાં ગરબા મહોત્સવનું આયોજન કરાયું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
ગુર્જર ભારતી દાહોદ તથા અનુસૂચિત જાતિ વિકાસ પરિષદ દાહોદ દ્વારા આયોજિત ''ગરબા મહોત્સવ'' નગરાળા શૈક્ષણિક સંકુલ માં યોજવામાં આવ્યો. નગરાળા શૈક્ષણિક સંકુલ ખાતે ગુર્જર ભારતી દાહોદ તથા અનુસૂચિત જાતિ વિકાસ પરિષદ દાહોદ સંસ્થાની તમામ શાળા તથા કોલેજના ''ગરબા મહોત્સવ''નું આયોજન કરવામાં આવ્યું . કાર્યક્રમના અધ્યક્ષ તરીકે દાહોદ નગરપાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલ, અતિથિવિશેષ ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના ઈ.સી. મેમ્બર પ્રોફેસર ગૌતમભાઈ સંગાડા, દાહોદ નગરપાલિકાના કાઉન્સિલર ચંદ્રકાંતાબેન ધાનકા, ગુર્જર ભારતીના ટ્રસ્ટી અમરસિંહભાઈ ગોહિલ તથા ગુર્જર ભારતીના મેનેજિંગ ટ્રસ્ટી ગોપાલભાઈ ધાનકા, નગરાળા સરપંચ રમણભાઈમાવી, ઉપસરપંચ જગદીશભાઈ હાજર રહ્યા હતા. ગરબા મહોત્સવનો પ્રારંભ બી.એડ કોલેજ નગરાળાની બહેનોએ પ્રાર્થનાની પ્રસ્તુતિ કરી કરેલ હતો. ત્યારબાદ સૌ મહેમાનઓએ દીપ પ્રાગટ્ય તથા માઁ અંબાની આરતી ઉતારી હતી. મહેમાનોનું શાબ્દિક સ્વાગત કૃષ્ણ પ્રણામી આર્ટ્સ કોલેજના પ્રિન્સિપાલ ડો.પારૂલ સિંઘ કર્યુ હતું. સૌ મહેમાનોને સંસ્થા તરફથી પુષ્પગુચ્છ તથા સાલ સ્મૃતિભેટ અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું. ગરબા મહોત્સવ માં ૧૩ જેટલી શૈક્ષણિક સંસ્થાઓએ ભાગ લીધો હતો. તેમાં પ્રાઈમરી વિભાગ, સેકન્ડરી વિભાગ તથા કોલેજ વિભાગે ગરબાની પ્રસ્તુતિ કરી હતી. ટ્રસ્ટી અમરસિંહભાઈ ગોહિલે સ્પર્ધામાં ભાગ લીધેલ સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. મેનેજિંગ ટ્રસ્ટી ગોપાલભાઈ ધાનકાએ પણ સ્પર્ધકો ગરબાનું મહત્વ સમજાવ્યું હતું. તેમને સ્પર્ધકો તરફથી ગરબાનો ઉત્સાહ જાણી ખુશી વ્યક્ત કરી હતી. પ્રો. ગૌતમ સંગાડા પણ ગરબાનો સાંસ્કૃતિક અર્થ સમજાવી સંબોધન કર્યું હતું. નગરપાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલને પ્રસ્તુત થયેલ ગરબાને આવકાર્યા હતા. પારંપરિક ગરબાના વખાણ કર્યા હતા. ગરબા મહોત્સવની નિર્ણાયક પેનલમાં જાગૃતિબેન, જશવંતભાઈ કોરાલી તથા દાહોદના જાણીતા સંગીતકાર રાજેશભાઈ અકરેકરે નિર્ણાયક તરીકે ફરજ બજાવી, દરેક વિભાગમાં પ્રથમ અને દ્વિતીય ક્રમાંક જાહેર કરેલ હતો. કાર્યક્રમનું સંચાલન દેવેન્દ્રભાઈ પરમાર તથા બી.બી. ગઢવી એ કર્યું હતું. ગરબા મહોત્સવની આભારવિધિ નગરાળા આશ્રમશાળાના પ્રિન્સિપાલ કમલેશભાઈ સુથારે કરી હતી. ગ્રામજનોએ તથા વિદ્યાર્થીઓએ ગરબા મહોત્સવનો કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહથી આવકાર્યો હતો અને મોટી સંખ્યામાં હાજરી આપી ગરબા મહોત્સવ સફળ બનાવ્યો હતો.

# ઝાલોદ તાલુકાના સૌથી મોટા ગામ એવા ગરાડુમાં વિશ્વ હિન્દુ પરિષદ બજરંગદળ દ્વારા ધર્મ સભા સાથે શસ્ત્ર પુજાનો કાર્યક્રમ યોજાયો


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,
આદિવાસી બંધુઓ બહુલ દાહોદ જીલ્લામાં ઝાલોદ તાલુકાનુ સૌથી મોટુંગામ ગરાડુ છે. અનેક અધિકારીઓ અને આગેવાનો પણ આ ગામે આપ્યા છે અને અનેક પાર્ટીઓ પણ આ ગામને કવર કરવા મથતી હોય છે, પરંતુ આવા ગામમા ધર્મ વિરોધી પ્રવૃતિ કરનારા લોકો ધર્માન્તરણ કરવાની મેલી મુરાદથી પગદંડો જમાવવાની કોશિષ કરે એ સૌ રાજકીય પાર્ટીઓ અને ગામના આગેવાનો માટે પણ શરમજનક વાત કહેવાય, ત્યારે સંસ્કૃતિ ધર્મ અને પૂર્વજોની જે ગુરૂ રામ રામની સંસ્કૃતિને આગળ વધારવા માટે તથા ધર્મ અને ભક્તિ મય જીવન જીવી પોતાને તથા પોતાના પરિવારનો સંસ્કાર પુર્ણ વાતાવરણમા વિકાસ થાય અને કોઈ વિધર્મી લોકો લોભ અને લાલચ આપી ગરીબ ભોળા લોકોને ભરમાવી ધર્માન્તરણ કરી ન જાય તે માટેગામ લોકોને જાગૃત કર્યા હતાં અને સભાને સંબોધતા જાણીતા સામાજીક આગેવાન મા.. અજીતદેવ પારગીજીએ મહારાણા પ્રતાપ શિવાજી અને ચંદ્રશેખર આઝાદના શૌર્યને યાદ કરાવ્યુ હતું અને ગુરૂ ગોવિંદ ના વિચારોના વાહક બનવા સૌને આહ્વાન કરતા ધર્મ અને ધરતી ક્યારેય નહીં છોડીએનો સંકલ્પ સૌના હૃદયમાં જગાડ્યો હતો. મહારાણા પ્રતાપને એક બે વર્ષ નહીં પણ ૨૦-૨૦ વર્ષ સુધી ખવડાવનાર આપણો ભીલ સમાજ રહ્યો છે. આપણા પુર્વજોએ રાણાની સાથે મોત મળે તો મોત વહાલુ ગણ્યુ એવા ધર્મ રક્ષક પુર્વજોના આપણે વારસદારો છીએ ત્યારે થોડાક ફાડા, તેલ અને ચોખા આપી આપણા સમાજ બંધુઓને વટલાવી જાય એ શરમજનક વાત છે. હવે દેશ અને ધર્મ માટે આપણે લડવુ પડશે અને શસ્ત્રો હશે તો આપણે માયકાંગલા નહી પણ હિંમતવાળા રહીશુ એટલે શસ્ત્ર પુજાથી શક્તિ પુજાને ચરિતાર્થ કરવા બજરંગદળ અને વિશ્વ હિંદુ પરિષદના કાર્યકર્તાઓ આપના ગામમાં આવ્યા અને આપે અમને સૌને ઉમળકાથી વધાવ્યા તે બદલ આપ સૌને અભિનંદન. આ પ્રસંગે શિક્ષણ જાગૃતિ માટે સૌને આગળ આવવા માટેની વાત કરી હતી. ગુજરાત સરકારના જોઈન્ટ કમિશનર હિતેષભાઈ રાવતજીએ સાથે જ તેઓએ ૧૧,૦૦૦ રૂપિયા પરિષદના કાર્યકર્તાઓના હસ્તે ગરબાના આયોજકોને સેવાકીય પ્રવૃત્તિ માટે આપ્યા હતા. તે સૌ માટે પ્રેરક વાત હતી. આજના કાર્યક્રમમાં હિતેષ રાવતજી જોઈન્ટ કમીશન ગુજરાત હરીશ કલાલ આયોજક, અજીતદેવ પારગી, મનિષભાઈ પંચાલ, જીલ્લા સહ મંત્રી.બળવંતભાઈ ખોડ, જીલ્લા બજરંગદળ સંયોજક, પ્રવિણ કલાલ, મઠ મંદિર સંયોજક શૈલેષભાઈ માળી, બજરંગદળ સહ સંયોજક લોકેશ મહારાજ, સત્સંગ સંયોજક સાથે જ VHP લીમડી અને ઝાલોદના કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં ગામના વડીલો, યુવાનો માતાઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# આપની આજ.......

મેષ : આજે તમારા માટે ખુશી અને શાંતિનો દિવસ રહેશે. મિત્રો અને પરિવાર સાથે મનોરંજન માટે પર્યટક સ્થળોની મુલાકાત લેવાની તક મળશે. વધુ ખર્ચાને કારણે પૈસા સંબંધિત સમસ્યાઓ ઊભી થઈ શકે છે.

વૃષભ : આજે તમને મિશ્ર પરિણામ મળશે. સવારથી તમે શારીરિક થાક અને નબળાઈનો અનુભવ કરશો, જે આળસમાં વધારો કરશે. કાર્યમાં પણ આજનો દિવસ સામાન્ય રહેશે. નફો મેળવવા માટે તમારે વધુ મહેનત કરવી પડી શકે છે.

મિથુન : આજે તમારો દિવસ સાધારણ લાભકારક રહેશે. વધારે મહેનતને લીધે તમે થાક અનુભવો છો. સરકારી કામમાં ભાગદોડ પછી સફળતા મળશે. વ્યાવસાયિક પ્રવૃત્તિઓમાં વ્યસ્તતાને લીધે પરિવારની અવગણના સહન કરવી પડશે.

કર્ક : આજે ફળદાયક દિવસ હોવાથી તમને શારીરિક અગવડતાનો અનુભવ થઈ શકે છે. હવામાન સતત બદલાતું રહે છે, તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. કાર્યસ્થળ પર વધારે કામના ભારણથી થાક રહી શકે છે.

સિંહ : તમારા માટે આજનો દિવસ મહેનતનો રહેશે. સખત મહેનત બાદ પણ કામમાં મોડું થતા નિરાશા વધી શકે છે. દિવસનો મોટાભાગનો સમય અશાંત રહેશે. નાની બાબતમાં ઘરે ઝઘડો થઈ શકે છે, તેથી શાંત રહો.

કન્યા : કોઈપણ પ્રકારનું જોખમ લેવા માટે સમય સારો છે. જો તમે રોકાણ અથવા રિયલ એસ્ટેટની ડીલ કરવાનું વિચારી રહ્યા છો તો આગળ ચર્ચા કરો. સારા ખોરાક અને વાહનથી આનંદ મળશે. જાહેર જીવન સારું રહેશે.

તુલા : જો તમારા પૈસા કોઈ યોજના અથવા યોગ્ય રોકાણ માટે ખર્ચ કરવામાં આવી રહ્યા છે તો તે વધુ સારું છે, અત્યારે તમારે પૈસા જ્યાં છે ત્યાં રાખવા જોઈએ. તમારે કામ માટે વધુ દોડવું પડી શકે છે.

વૃશ્ચિક : આજનો દિવસ તમારા માટે અયોગ્ય દિવસ રહેશે, જ્યાં તમને લાભની અપેક્ષા રહેશે ત્યાંથી નિરાશા મળશે. બપોર સુધીમાં કોઈ દુષ્ટતાનો ભય મનમાં રહેશે.

ધનુ : આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. આધ્યાત્મિકતામાં વિશેષ રુચિ રહેશે. પૂજા અને સત્સંગનું આયોજન કરશો. તમે કોઈ શુભ ધાર્મિક યાત્રા પર પણ જઈ શકો છો. અધૂરા કાર્યો પૂરા થવામાં વિલંબને કારણે તમે નિરાશ થશો.

મકર : આજનો દિવસ તમારા માટે પણ શુભ રહેશે. ઘરે સુખ-શાંતિ રહેશે. તમે દિવસભર શારીરિક અને માનસિક રીતે ફીટ રહેશો. જૂના રોગમાં સુધારણાથી રાહત મળશે. કાર્યક્ષેત્રે ઓછો સમય આપશો, નવા પ્રયોગોમાં પણ રસ બતાવશો.

કુંભ : કાર્યમાં ઈચ્છિત સફળતા પ્રાપ્ત કરવામાં તમને આનંદ થશે, પરંતુ સરકારી કામ કરવા માટે આજનો દિવસ સારો નથી, મુશ્કેલીઓ વધી શકે છે. ઘર અને બહાર મુશ્કેલી મુક્ત વાતાવરણ બનાવવામાં રાહત મળશે.

મીન : આજનો દિવસ તમારા માટે અનુકૂળ રહેશે. દિવસભર શારીરિક અને માનસિક ઉર્જા રહેશે. તમારું સામાજિક વર્તન સારુ રહેશે અને દિવસના પહેલા ભાગમાં તમારા બધા કામ સરળતાથી થઈ જશે પરંતુ તમારે લાભ માટે રાહ જોવી પડી શકે છે. પૈસા વિશે કોઈની સાથે દલીલ પણ થઈ શકે છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



ભારતના માનનીય રાષ્ટ્રપતિ

# શ્રીમતી દ્રૌપદી મુર્મુનું

ગુજરાતમાં ભાવભર્યું
સ્વાગત છે.






**તા. ૩/૧૦/૨૦૨૨**
**સમય : બપોરે ૨:૩૦ વાગે**
**સ્થળ : સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર.**




ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે
સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, ટ્રોમા સેન્ટર અને રેન બસેરાનું ખાતમુહૂર્ત

રૂ.૩૭૩ કરોડના ખર્ચે નિર્માણ પામનાર નવી ૬૦૦ બેડની સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ ખાતે ૨૫૫ બેડનાં ટ્રોમા સેન્ટરની સુવિધા રહેશે : રેન બસેરા ખાતે દર્દીઓના સગાઓ માટે ૪૪૮ બેડની સુવિધા ઉપલબ્ધ કરાવાશે

રાષ્ટ્રપતિશ્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં

નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે રૂ. ૫૩૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર નવી મેડિકલ કોલેજ (જીએમઈઆરએસ)નું ઈ-ખાતમુહૂર્ત

મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે સિંચાઈ વિભાગની વિવિધ યોજનાઓનું ઈ-લોકાર્પણ

દાહોદ જિલ્લાના ગરબાડા, લીમખેડા (ધાનપુર) અને જાલોદ (સંજેલી) ખાતે પાણી પુરવઠા વિભાગની વિવિધ યોજનાઓનું ઈ-ખાતમુહૂર્ત

કંડલા પોર્ટ ખાતે રૂ. ૬૯ કરોડના ખર્ચે કાર્ગો જેટી એરીયામાં નવા ડોમ આકારના આધુનિક ગોડાઉનોના બાંધકામ પ્રોજેક્ટનું ઈ-ખાતમુહૂર્ત

રૂ.૪૭ કરોડના ખર્ચે પોર્ટના ૪૦ હેક્ટર વિસ્તારમાં પ્લોટ, રસ્તાઓના નવીનીકરણ તેમજ રૂ. ૮૦ કરોડના ખર્ચે ૬૬ હેક્ટર કાર્ગો જેટી વિસ્તારમાં પ્લોટ અને રસ્તાઓના અપગ્રેડેશન પ્રોજેક્ટનું ઈ-ખાતમુહૂર્ત

રૂ. ૮૭ કરોડના ખર્ચે તુણા રોડને ટુ લેનથી ફોર લેન બનાવવાના પ્રોજેક્ટનું ઈ-ખાતમુહૂર્ત



**તા. ૪/૧૦/૨૦૨૨, સમય : સવારે ૧૦ વાગે**
**સ્થળ : ગુજરાત કન્વેનશન સેન્ટર,**
**ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ**



ઉદ્યોગ સાહસિક મહિલાઓ અને સ્ટાર્ટ-અપ માટે
ઉત્સુક મહિલાઓ માટે **herStart** સ્ટાર્ટઅપ પ્લેટફોર્મ લોન્ચ કાર્યક્રમ

રાષ્ટ્રપતિશ્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં

આદિજાતિ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ અંતર્ગત સુરતના ઉમરપાડાની વાડી સૈનિક સ્કૂલ, બનાસકાંઠા જિલ્લાના અમીરગઢના વિરમપુર ખાતે નિવાસી કન્યા શાળા, સાબરકાંઠાના પોશીના ખાતે એકલવ્ય મોડલ શાળા અને નિવાસી કન્યા શાળા તેમજ દાહોદ જિલ્લાના નિમુચ નિવાસી કન્યા શાળાનું ઈ-લોકાર્પણ

અમદાવાદ જિલ્લાના બાવળાની સરકારી આર્ટ્સ અને સાયન્સ કોલેજ અને નર્મદા જિલ્લાના તીલકવાડા સરકારી આર્ટ્સ અને સાયન્સ કોલેજના નવા ભવનોનું ઈ-લોકાર્પણ

આણંદની સરદાર પટેલ યુનિવર્સિટીના સ્ટાફ ક્વાર્ટરોનું ઈ-લોકાર્પણ

સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે અન્ડરગ્રાઉન્ડ અને ઓવરહેડ વોટર ટેંક, ગેસ્ટ હાઉસ બિલ્ડીંગ, કન્યા છાત્રાલય ભવન તેમજ હિન્દી અને સંસ્કૃત ડિપાર્ટમેન્ટના ભવનો જેવી અનેકવિધ સુવિધાઓનું ઈ-લોકાર્પણ

પાટણ સ્થિત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે કન્વેનશન સેન્ટર, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, એમબીએ ડિપાર્ટમેન્ટ અને લાઈબ્રેરી ડિપાર્ટમેન્ટ એક્સટેન્શન જેવા વિવિધ વિકાસકાર્યોનું ઈ-લોકાર્પણ

નર્મદા જિલ્લાની રાજપીપળા આદર્શ નિવાસી કુમાર શાળાનું ઈ-ખાતમુહૂર્ત

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા નગરનો વ્યવસાહિક ગરબા મુકત બનાવવાનો સફળ પ્રયાસ થતાં શેરી ગરબાઓનું કલચર પાછું આવ્યું



ગોધરા,
માઁ આદ્ય શકિતની ઉપાસનાના મહાપર્વ ગણાતા એવા નવરાત્રીનું ઉપાસના પર્વ મટી હવે ડાન્સ ફેસ્ટિવલમાં રૂપાંતરણ થઈ રહ્યું છે. ત્યારે વિશ્વના સૌથી મોટા ડાન્સ ફેસ્ટિવલમાં મન મૂકી હિલોળે ચડવા થનગની રહેલ યુવા ધન આ ડાન્સ ફેસ્ટિવલના નકારાત્મક અભિગમોને અપનાવી ખોટા રસ્તે ન ચડે તે માટે વાલીઓમાં પણ પ્રકારની ચિંતા જોવા મળે છે. ત્યારે ગોધરાના શેરી ગરબા સંવર્ધન સમિતિ એ એક નવો ચીલો ચીતરતા મારી દીકરી મારા આંગણેના અભિગમ સાથે સમગ્ર ગોધરામાં શેરી ગરબાનું આયોજન કરાવી ગોધરાને ગુજરાતનું સૌ પ્રથમ વ્યવસાયિક ગરબા મુક્ત શહેર બનાવી આજે ગોધરા શહેરમાં ૮૫ કરતા વધુ મંડળોએ પોતાના સોસાયટી અને મેદાનોમાં શેરી ગરબાનો આયોજન કરી પૌરાણિક શેરી ગરબાની પરંપરા જે લુપ્ત પામવાના આરે હતી. તેને શરૂ કરી વ્યવસાયિક ગરબાને મુક્ત કરી જૂની પરંપરાને પુનઃ જીવિત કરી સમગ્ર રાજ્ય માં એક દાખલો બેસાડ્યો છે.

માઁ નવ દુર્ગાની આરાધનાનું પર્વ એટલે પવિત્ર નવરાત્રીના દિવસો ચાલી રહ્યા છે અને જેમ જેમ જમાનો આધુનિક થતો જાય છે. તેમ તેમ નવરાત્રી તેના રંગ રૂપ બદલે છે. હવે તો એવું પણ કહેવાય છે કે, નવરાત્રીનો ઉત્સવ નવ દિવસ માતાજીની આરાધના કરતા ગરબા મટીને વિશ્વનો મોટામાં મોટો ડાન્સ ફેસ્ટિવલ બની ગયો છે અને ત્યારે આ ફેસ્ટિવલમાં ભક્તિ ભાવ માટીને ફેશન બની જાય ત્યાં સંસ્કારોનું અધઃપતન થાય છે અને આજે મોટા મોટા શહેરોમાં નવરાત્રી દરમિયાન માત્ર ગરબા ગાવાની સાથે સાથે યુવાન યુવક અને યુવતીઓ ક્યારેક ખોટા રવાડે ચઢી જતા હોવાની ફરિયાદો ઠેર ઠેર જોવા મળતી હોય છે અને ખરા અર્થમાં માઁ-બાપની સ્થિતિ ખુબજ કફોડી થઈ જતી હોય છે. ત્યારે ગોધરા શહેરના ગરબા આયોજકો એ સમાજને એક રસ્તો બતાવતો નિર્ણય લીધો છે અને પોતાની દીકરી પોતાના આંગણે જ ગરબે ઘૂમે એવું નક્કી કરી લુપ્ત થવાની આરે ઉભેલા શેરી ગરબાને પુનઃ જીવિત કરી શેરી ગરબા સંવર્ધક સમિતિ બનાવી આખા ગોધરા શહેરના ગરબા આયોજકોને વિશ્વાસમાં લઈ એકેય ગરબા પ્રોફેશનલના કરતા તમામ આયોજકો એ પોતાના વિસ્તારમાં જ શેરી ગરબાનું અને એ પણ ભવ્ય રીતે આયોજન કરીને બતાવી દીધું અને આજે આખા શહેરમાં ૮૫ જગ્યાએ માત્ર શેરી ગરબા તેની આગવી ભવ્યતા ગવાય છે અને દીકરીઓ નિશ્ચિત પણે પોતાના મા-બાપ કે વાલીઓની સન્મુખ રહી મન મૂકીને ગરબે ઘૂમે છે.



આજ કાલ એક યુવાન યુવતીને પ્રોફેશનલ ગરબા માં ગરબા ગાવા જવા માટે પાસની વ્યવસ્થા કરવી પડે અને આવા વેપારીક ગરબાના કોઈ પણ ખોટા આશય વાળા તત્વો પાસ ખરીદીને યુવતીઓ પર મેલી નજર નાખી શકે છે. ત્યારે શેરી ગરબામાં જે કોઈ ગરબા ગાતું હોય એ હમેશા ઓળખીતું જ હોય અને વડીલોને હાજરી માંજ ગરબા ગવાતા હોવાથી ગોધરાનું યૌવન ધન મન મૂકી ગરબે ઘૂમી રહ્યું છે અને આ રીતના આયોજને આખા ગુજરાતને એક સંદેશ પણ આપ્યો છે.

ગોધરા શહેરમાં વ્યવસાયિક ગરબા બંધ થવાના કારણે ગરબે ઘુમવા જતા યુવક યુવતીઓના વાલીઓમાં ભારે ખુશીનો માહોલ જોવા મળી રહ્યું છે. તેમજ ગરબે ઘુમવા જતા યુવાનો તેમજ મહિલાઓ સહિતના બાળકોમાં અને વયોવૃદ્ધ સિનિયર સીટીઝન પણ હવે પોતે પોતાના સોસાયટીમાં ગરબે તાલે ઘૂમતા જોવા મળી રહ્યા છે અને પોતે સહી સલામત હોવાનું અનુભવી રહ્યા છે.

## શહેરામાં મહાલક્ષ્મી માતાજીના પૌરાણિક મંદિર ખાતે હજારો ભકતો ગરબે ઝુમ્યા

શહેરા,
શહેરા નગરમાં મહાલક્ષ્મી માતાજીના પૌરાણિક મંદિર ખાતે નવરાત્રીમાં દર્શનનું વિશેષ મહત્વ રહેલું છે. સ્થાનિક જીલ્લા સહિત રાજ્યભર માંથી આવતા ભાવિક ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર બન્યું છે. ગૌડ બ્રાહ્મણ સમાજ દ્વારા મહાલક્ષ્મી ધામ તરીકે નામ આવવામાં આવ્યુ છે. અન્ય દિવસોમાં પણ મંદિર પરિસર માઈ ભક્તોની અવર જવર સાથે માઁ મહાલક્ષ્મીના જયઘોષ થી ગુંજતુ રહેતુ હોય છે. નવરાત્રીમાં ગરબાની રમઝટ જોવા મળવા સાથે એક હજાર થી વધુ માઈ ભક્તો ગરબે ગુમતા હોય છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

પંચમહાલ જીલ્લાના શહેરા નગરના નાડા રોડ તરફ જવાના માર્ગ પર મહાલક્ષ્મી માતાજીનું પૌરાણિક મંદિર ખાતે નવરાત્રીમાં દર્શન કરવાનું વિશેષ મહત્વ રહેલું છે. કહેવાય છેકે, આ મંદિર ૨૦૦ થી વધુ વર્ષ પુરાણુ છે. અહી મંદિરમાં રાજ રાજેશ્વરી માઁ મહાલક્ષ્મીની આ ચમત્કારીક મૂર્તિ છે. સ્થાનિક જીલ્લા અને રાજ્ય માંથી તેમજ દૂર દૂર થી માઁ ના દર્શને આવતા ભાવિક ભક્તો માટે આ મંદિર આસ્થાનું કેન્દ્ર બન્યું છે, પૌરાણિક મંદિર હતું જેનું હાલ જીર્ણોધ્ધાર કરીને અહી બે કરોડ થી વધુના ખર્ચે નવીન મંદિર બનાવામાં આવ્યું છે. અહી મંદિર ખાતે સવાર સાંજ પૂજા અર્ચના થતી હોય છે. નવરાત્રીનું ખાસ મહત્વ રહેવા સાથે આમ, દિવસોમા પણ મંદિરનું પરિસર માઈ ભક્તોની અવર જવર રહેતી હોય છે. માઁ મહાલક્ષ્મીના જયઘોષ થી વાતાવરણ ભક્તિમય બની જતું હોય છે. મહાલક્ષ્મી માઁની મૂર્તિના દર્શન કરી ભાવિક ભક્તો ધન્યતા અનુભવતા હોય છે. જે કઈ મન થી ભાવિક ભક્ત અહી બાધા રાખતા હોય છે. તેઓની મનોકામના અહી પૂર્ણ થતી હોય છે. ગોર બ્રાહ્મણ પંચ દ્વારા મંદિરનો વહીવટ કરવામા આવી રહયો છે. હાલ પ્રમુખ પદે જીજ્ઞેશભાઈ પાઠક છે. ગોર બ્રાહ્મણ પંચ દ્વારા આ મંદિરનું નામ મહાલક્ષ્મી ધામ પણ આપવામા આવ્યું છે. અહી મંદિર ખાતે દર્શનાથે આવતા ભાવિક ભક્તો ને મહાલક્ષ્મી માઁ ના દર્શન કરી મનને શાંતિ મળતી હોય છે. હાલ નવરાત્રિ ચાલી રહી છે, અહી મંદિર પરિસરમાં ગરબાની રમઝટ જામી રહી છે. એક હજાર થી વધુ માઈ ભક્તો ગરબે ગુમતા હોય છે. માઁની ભક્તિમાં માઈ ભક્તો લીન થઈ જતા હોય છે.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

**ઘોઘંબા ગામમાં નવરાત્રિ મહોત્સવની ઉજવણી થઈ રહી છે. શિવ શકિત સાર્વજનિક ગરબાએ ભારે આકર્ષણ ઉભું કર્યું છે. ખેલૈયા પણ કમળા નગરના ગરબે ઘૂમીને સંતોષ માની રહ્યા છે. તો ખેલૈયાઓ મોડી રાત્રી સુધી ગરબે ઘુમી રહ્યા છે.**



**શહેરામાં નવલી નવરાત્રીમાં મારૂતી ટીમ્બર, લખારા સોસાયટી અને મહાલક્ષ્મી મંદિર ખાતે ગરબાની રમઝટ જામી હતી. બે વર્ષ બાદ મન મૂકીને ગરબે ઘૂમવા મળતા ખેલૈયાઓમાં આનંદ છવાઈ ગયો છે. ટ્રેડિશનલ ડ્રેસ અને અવનવા પોશાકમાં ખેલૈયાઓ ગરબે ઘૂમી માતાજીના ગુણલા ગાઈ રહ્યા છે.**

## પાવાગઢ યાત્રાધામ ખાતે સાતમા નોરતાએ બે લાખ ઉપરાંત માઈ ભકતો ઉમટી પડયા



ગોધરા,
પંચમહાલના સુપ્રસિદ્ધ શકિતપીઠ પાવાગઢ ખાતે નવરાત્રીના પર્વએ મોટી સંખ્યામાં માઈ ભકતો દર્શન માટે ઉમટી પડયા છે. યાત્રાધામ પાવાગઢના નવિનીકરણ બાદ યાત્રાળુઓનો ભારે ધસારો રહે છે. આજે સાતમા નોરતે અને રવિવારના દિવસે બે લાખ ઉપરાંત માઈભકતો દર્શન કર્યા.

પાવાગઢ સુપ્રસિદ્ધ શકિતપીઠ ખાતે ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન સહિતની રાજ્યોની ભકતો મહાકાળી માતાજીના દર્શન માટે આવતાં હોય છે. આસો નવરાત્રીના પાવન પર્વમાં યાત્રાળુઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. પહેલા નોરતા થી મોટી સંખ્યામાં માઈ ભકતો દર્શન માટે પગપાળા અને વાહનો મારફતે પહોંચ્યા છે. નવરાત્રીમાં પાવાગઢ ખાતે માઈ ભકતોના ધસારાને ધ્યાનમાં લઈ વહીવટી તંત્ર, મંદિર ટ્રસ્ટ દ્વારા યાત્રાળુઓ માટે સુવિધા અને સુરક્ષાને લગતી વ્યવસ્થા કરવામાં આવી છે. પહેલા નોરતા થી અત્યાર સુધી લાખો યાત્રાળુ દર્શન ચુકયા છે. આજે આસો માસના સાતમું નોરતું અને રવિવારના બેવડા સંયોગ હોવાથી બે લાખ ઉપરાંત માઈ ભકતો દર્શન માટે ઉમટી પડયા હતા. માઈ ભકતોના ધસારાને લઈ ટ્રાફિકની સમસ્યા પણ જોવા મળી છે.

## હાલોલ ખાતે એડવેન્ચર સ્પોર્ટ્સ એક્ટિવિટી હેઠળ પેરા મોટરિંગનું આયોજન કરાયું



ગોધરા,
પંચમહાલ જિલ્લાના પાવાગઢ વડાતળાવ હાલોલ ખાતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એડવેન્ચર સ્પોર્ટ્સ એક્ટિવિટી હેઠળ પેરા મોટરિંગનું આયોજન કરવામાં આવ્યું છે. નવરાત્રી દરમિયાન એડવેન્ચર એક્ટીવિટીને પ્રમોટ કરી જિલ્લા પ્રવાસનમાં વૃદ્ધિ કરવા માટે આં આયોજન ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ માન્ય સંસ્થા રોક ઝોન, અમદાવાદ સાથે સંકલન કરી કરાયું છે. જેની નિયત ફી ૧૫૦૦ રૂપિયા રાખવામાં આવી છે. જેમાં ૩ થી ૫ મિનિટ સુધી પેરા મોટરિંગ કરાવવામાં આવશે. આ સાથે હવામાન તથા પવનની સાનુકૂળતા ઉપર પેરા મોટરિંગ પ્રવૃતિનો આધાર રહેશે તેવું જણાવવામાં આવ્યું છે. જિલ્લાના તમામ નાગરિકોને પેરા મોટરિંગનો લાભ લેવા અનુરોધ કરાયો છે. વધુ માહિતી માટે જીતેન્દ્ર ખેરનાર૯૯૯૮૦ ૫૩૭૬૪ નંબર પર સંપર્ક કરવા જણાવાયું છે.

## ગોધરા લાયન્સ કલબ દ્વારા રાષ્ટ્રપિતા જન્મજયંતિ નિમિતે ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી

ગોધરા,
લાયન્સ કલબ ગોધરા દ્વારા સત્ય અહિંસાના પૂજારી બાળકોને દેવ સ્વરૂપ ગણતા રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે ચર્ચ પાસે ગાંધીજીની પ્રતિમાને સુતરની આટી પહેરાવી લાયન સભ્યોએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ગાંધી આશ્રમ ખાતે નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા આયોજિત લોક ડાયરામાં બાળકોને વ્યસનથી મુક્ત રહેવા તથા ગાંધીજીના જીવન પર ચાલવા શિખામણ આપવામાં આવી હતી. બાળકોએ ગાંધીજી જયાં પ્રાર્થના કરતા હતા તે સભાખંડમાં ગાંધીજીને વંદન કરી માતાજીની આરાધના સ્વરૂપ ગરબા ની રમઝટ જમાવી હતી. બાળકો સાથે ગોધરા નગરપાલિકાના પ્રમુખ સંજય સોની લાયન સભ્યો પ્રમુખ રાજેશ મોદી, મંત્રી પ્રદિપ સોની કેતકી સોની, ભદ્રેશ પંડ્યા, ઝોન ચેરમેન ઈન્દ્રવદન પરમાર, હેમંત વર્મા વિગેરે ઉપસ્થિત રહી બાળકો સાથે બાલ આનંદોત્સવની રંગે ચંગે ઉજવણી કરી હતી.

## ગોધરા શહેરના સરદારનગર ખંડ ખાતે લોક જનશકિત પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ચિરાગ પાસવાનની ઉપસ્થિતિમાં કાર્યકરોની બેઠક યોજવામાં આવી

ગોધરા,
ગોધરા શહેરના સરદારનગર ખંડ ખાતે લોક જનશક્તિ પાર્ટીની કાર્યકરોની બેઠક યોજવામાં આવી હતી. જેમાં LJPના રાષ્ટ્રીય અધ્યક્ષ અને રામવિલાસ પાસવાનના પુત્ર ચિરાગ પાસવાન ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં LJP કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આશા વર્કર બહેનો પણ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલ ચાલી રહેલ આશા વર્કર બહેનોના પ્રશ્નોને લઈને તેઓએ પ્રધાનમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી હતી. સાથે જ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પણ પત્ર લખીને લોક જનશક્તિ પાર્ટીના પ્રતિનિધિ મંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. વધુમાં તેઓએ જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય કર્મચારીઓના પ્રશ્નોનો વહેલી તકે ઉકેલ લાવવો જોઈએ, લોકજનશક્તિ પાર્ટી રાષ્ટ્રીય અધ્યક્ષ ચિરાગ પાસવાને સરદારનગર ખંડ ખાતે મોટુ નિવેદન આપ્યું હતું. જેમાં તેઓએ જણાવ્યું હતુ કે, કેટલાક રાજકીય પક્ષો સાથે ગઠબંધનની પણ વાર્તા ચાલી રહી છે. ગઠબંધન થાય કે ન થાય પાર્ટી મોટાભાગની બેઠકો ઉપર ઉમેદવારો ઉતારશે, મારાં સ્વર્ગીય પિતા રામવિલાસ પાસવાન દ્વારા કરવામાં આવેલ દેશનાં લોકો માટેના કામોને લઈ જનતા વચ્ચે અમે જઈશું તેમ જણાવ્યું હતું. વિશાળ સભા ખંડમાં પાર્ટીના કાર્યકરો સહીત મોટી સંખ્યામાં આશાવર્કર બહેનો ઉપસ્થિત રહ્યા હતા. તો સાથે પાર્ટી પ્રદેશ અદ્યક્ષ પંકજ રામાનુજ, ગુજરાત પ્રદેશ પ્રભારી કુંવર અસીમખાન, પાર્ટી મહામંત્રી વિશાલ મોદી, રાષ્ટ્રીય સચિવ સકિલ તીજોરીવાલા, જિલ્લા પ્રમુખ સ્મિત રાજ જાદવ, જન શક્તિ મજદૂર સભા પ્રદેશ પ્રમુખ અશોક કે.પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

## કાલોલમાં ઈદે મિલાદુન્નબીની ઉજવણીના ભાગરૂપે મસ્જિદો તથા ગલીઓ રોશનીના પ્રકાશથી જળહળી ઉઠ્યું

કાલોલ,
કાલોલમાં ઈદે મિલાદુન્નબીની શાનદાર ઉજવણી માટે રોશની ઝગમગી ઉઠ્યું. ઈસ્લામ ધર્મના મહાન સ્થાપક હઝરત મુહમ્મદ પયગંબરના પ્રારંભાયેલા પવિત્ર વિશેષ રબીઉલ અવ્વલ માસ પ્રસંગે સમગ્ર કાલોલમાં પરંપરાગત રીતે ખુબજ દબદબાભેર ઉજવણીની તડામાર તૈયારીઓ શરૂ કરી. આ પ્રસંગે કાલોલ નગરમાં જશને ઈદે મિલાદુન્નબીની ઉત્સાહભેર હર્ષ ઉલ્લાસ સાથે ઉજવણી કરવા માટે સમગ્ર કાલોલમાં ઉત્સાહભેર તડામાર તૈયારીઓ શરૂ છે. ત્યારે આગામી તારીખ-૯ રબીઉલ અવ્વલના ચાંદ ૧૨ના રોજ સમગ્ર સુન્ની મુસ્લીમ સમાજના હઝરત મહંમદ પયગંબરના જન્મ ખુશીના તહેવાર નિમ્મતે જશને ઈદે મિલાદુન્નબીની શાનમાં ઈશાની નમાજ બાદ બયાનનો પ્રોગ્રામ યોજાઈ રહ્યા છે. કાલોલ શહેરમાં મુસ્લીમ વિસ્તારોમાં જુમ્મા મસ્જિદ નુરાની ચોકમાં ૧૨ દિવસ હજરત પયગંબરના જીવન ચરિત્ર પર પ્રકાશ પાડતા જોરદાર બયાનોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. નાતશરીફ તેમજ વાયેઝ શરીફ અને સાને રિફાઈયાનો પોગ્રામ સહીત ન્યાઝનો કાર્યક્રમો રાખવામાં આવ્યા છે. હઝરત પયગંબરની શાનમાં ૧૨ દિવસ સુધી શાનદાર વાયેઝની સાથે અવનવી વાનગીઓનું ન્યાઝ કરવામા આવે છે. જેમાં બહોળી સંખ્યામાં મુસ્લીમ બીરાદરો ઉપસ્થિત રહી લાભ લઈ રહયા છે અને આ ખુશીના તહેવારમા સુન્ની મુસ્લીમ બીરાદરો દ્વારા ઘેર ઘેર કલાત્મક રોશની કરવામાં આવી રહી છે. તેમજ તમામ ઘર અને વિસ્તારની ગલી ખાચામાં રોશનીના શણગાર કરવાથી સમગ્ર કાલોલ નગર રોશનીના પ્રકાશથી ઝળહળી ઉઠ્યુ છે. અને જશને ઈદે મિલાદુન નબીના ખુશીના દિવસે સુન્ની મુસ્લીમ સમાજના હેઠળ કાલોલ શહેરમા સરકાર કી આમદ મરહબાના નારા સાથે વિશાળ ઝુલુસ કાઢવામા આવશે.



તસ્વીર : નુર બાલા, વેજલપુર

## પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગાંધી જયંતિએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રતિમાને ફુલહાર ચડાવી શ્રધ્ધાંજલી આપી



ગોધરા,
પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા તારીખ-૨ ઓક્ટોબર ૨૦૨૨ ગાંધી જયંતી નિમિત્તે ગોધરાના ગાંધી ચોકમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના સ્ટેચ્યુને ફુલહાર કરી જન્મ જયંતિ આપવામાં આવી હતી. આ પ્રસંગ પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અજીતસિંહ ભટ્ટી, પંચમહાલ જિલ્લામાં કોંગ્રેસ મેનિફેસ્ટો સમિતિના કન્વીનર અને જીપીસીસીના માઇનોરીટીના મંત્રી ઉસ્માન ગની બેલી, માજી ધારાસભ્ય રાજેન્દ્ર પટેલ, દુષ્યંતસિંહ ચૌહાણ, તાલુકા પ્રમુખ આર.એન. પટેલ, મેનિફેસ્ટો કો.ઓર્ડીનેટર એડવોકેટ આબિદભાઈ શેખ, શહેર પ્રમુખ સિદ્ધિભાઈ ચલાલી વાલા, કોર્ડીનેટર ઉમેશભાઈ શાહ, ઉપપ્રમુખ માનસિંગભાઈ પટેલ, રૂહુલ અમીન મેદા, જીપીસીસી માઈનોરીટીના મંત્રી યાકુબભાઈ હેબટ, કોંગ્રેસ પક્ષના કાર્યકર્તાઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગાંધીજી અમર રહો, નફરત છોડો ભારત જોડોના નારા લગાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## ગોધરા કુબા મસ્જીદ ઢાળમાં મેશરી નદીના પટમાં જુગાર રમતા ૮ જુગારીયા ઝડપ્યા

ગોધરા,
ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ગોધરા શહેર એ ડિવિજન પોલીસ મથક વિસ્તાર એવા કુબા મસ્જિદના ઢાળમાંથી મેશરી નદીના કાંઠે થી ખુલ્લામાં બિન્દાસ્ત આક ફરકનો વરલી મટકાનો જુગાર રમતા આઠ જેટલા ખેલીઓને જડપી પાડયા હતા. જ્યારે ત્રણ ખેલીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા. પોલીસે રોકડ રૂપિયા સહિત મોબાઈલ ફોન તેમજ અન્ય સાહિત્ય મળી કુલ રૂ.૨૨,૬૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલની પોલીસને ખાનગી બાતમી મળી હતી કે, ગોધરા શહેર એ ડિવિજન પોલીસ મથકના હદ વિસ્તારમાં કુબા મસ્જિદનાં ઢાળમાં મેશરી નદીના કાઠે ખુલ્લામાં કેટલાક ઈસમો આર્થિક લાભ મેળવવાના આશયે બિન્દાસ્ત થઈ આંક ફરકનો વરલી મટકાનો જુગાર રમી રહ્યા છે. ત્યારે ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલની પોલીસ ટુકડી જુગારીઓ પર ત્રાટકી હતી. જેમાં પોલીસે આઠ જેટલા ખેલીઓને ઝડપી પાડયા હતા. જેમાં અશ્વિન પરમાર, અમિરૂદીન કાજી, ગુલામ શેખ, સુલેમાન ગીતેલી, નજીમ શેખ, અરવિંદ બારીઆ, ઈબ્રાહિમ મિસ્ત્રી, વિનોદ બજાણિયાને ઝડપી પાડયા હતા. જ્યારે આ ગુનામાં મહંમદ રફીક સતાર મિસ્ત્રી, સમીરભાઈ અને શોએબ મલિકને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રૂ.૧૨,૧૫૦ રોકડા અને ત્રણ મોબાઈલ ફોન તેમજ જુગાર રમવા માટેનું અન્ય સાહિત્ય મળી કુલ રૂ.૨૨,૬૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ગોધરા NCB બટાલીયન દ્વારા શહેરમાં આવેલ સ્મારકની સાફ-સફાઈ કરી

ગોધરા,
પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં વિવિધ જાણીતા સ્મારકો આવેલા છે. જેની ગોધરા એનસીસી બટાલિયન દ્વારા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે સાફ સફાઈ કરવામાં આવી હતી. ગોધરા શહેરમાં આવેલા જુદા જુદા વિસ્તારમાં સ્મારક હયાત છે. જેની ઘણા સમયથી સાફ-સફાઈ ન થઈ હોવાના કારણે ધૂળ ખાતા હતા. હાલમાં તેના કારણે પોતાની સામાજિક જવાબદારીના ભાગરૂપે ગોધરા એનસીસી દ્વારા આજરોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે સાફ-સફાઈ કરવામાં આવી હતી. જેના ભાગરૂપે ગોધરાના ગાંધી ચોક સર્કલ અને શિવાજી ચોક પાસે સ્મારકોની સાફ-સફાઈ કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ૩૦ ગુજરાત બટાલિયન એનસીસીના એસ.એમ.લક્ષ્મણસિંહ તેમજ પીઆઈ સ્ટાફ સહિત મહત્વની ભૂમિકા ભજવી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.37